# સંશોધન નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી,
# આણંદ–૩૮૮ ૧૧૦

વંચાણે લીધો : ૧. હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં ગ્રાન્ટ ફાળવણીના કાર્યાલય આદેશ જા.નં. આકૃયુ/હિનિ/પ્લાન યોજના/ગ્રાન્ટ ફેર ફાળવણી-૨/૬૨૬૩-૮૦/૨૦૨૧-૨૨ તા.૦૯/૧૨/૨૦૨૧

૨. અત્રેની કચેરીના પત્ર જાનં.આકૃયુ/ડીઆર/પ્લાન-૨/૩૪૯/૧૯૮૪/૨૧, તા. ૦૬/૦૫/૨૦૨૧

૩. અત્રેની કચેરીના કાર્યાલય આદેશ જા.નં. આકૃયુ/ડીઆર/પ્લાન-૧/૨૦૭૩-૭૭/૨૧, તા.૧૧/૦૫/૨૦૨૧

**વિષય : વર્ષ ૨૦૨૧-૨૨ માં પ્લાન યોજનાઓમાં મંજૂર કરવામાં આવેલ સાધનો તથા ક્લાસીફાઈડ વર્ક્સની કામગીરી સત્વરે પૂર્ણ કરવા બાબત...**

## પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્લાન યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, પ્લાન યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માં ચાલુ કાર્યક્રમો હેઠળ હિસાબ નિયામકશ્રી દ્વારા સંદર્ભ-૧ ના કાર્યાલય આદેશથી બીજા રીવ્યુ બાદ પગાર-ભથ્થા, રીકરીંગ તથા નોન-રીકરીંગ સદરે ગ્રાન્ટની ફેર ફાળવણીના હુકમ કરવામાં કરવામાં આવેલ છે. સંદર્ભ-૧ ના કાર્યાલય આદેશથી પગાર-ભથ્થા, રીકરીંગ તથા નોન-રીકરીંગ સદરે ફાળવવામાં આવેલ ગ્રાન્ટનો યોજનાના હેતુઓ ધ્યાને લઈ ખર્ચ કરવાનો રહેશે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં પ્લાન યોજના સદરે મંજુર થયેલ નોન-રીકરીંગ સાધનોની યાદી સંદર્ભ-૨ ના પત્રથી યોજનાનાં નિયંત્રણ અધિકારીશ્રીઓને મોકલી આપેલ છે. જ્યારે, વર્ષ ૨૦૨૧-૨૨ માં પ્લાન યોજનાઓમાં ૩૦ નવેમ્બર, ૨૦૨૧ અંતિત નોન-રીકરીગ સદરે સાધનો અંગેનો ખર્ચ ઓછો થયેલ છે. જેથી, નોન-રીકરીંગ સદરે મંજુર થયેલ સાધનોની ખરીદી સત્વરે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં, કેટલીક પ્લાન યોજનાઓમાં એક કે તેથી વધુ જથ્થામાં સાધનો મંજૂર કરવામાં આવે છે. ત્યારે, મંજૂર થયા મુજબ સાધનોનો જથ્થો ખરીદવાને બદલે ઓછા સાધનોનો જથ્થો ખરીદવામાં આવે છે. જેથી, અત્રેની કચેરી દ્વારા ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે, મંજૂર થયેલ તમામ સાધનોની ખરીદી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. પ્રસ્તુત મંજુર થયેલ સાધનોની ખરીદી પૂર્ણ કરવામાં નહી આવે અને ભવિષ્યમાં પૂર્તતા કરવાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીની રહેશે.

જ્યારે, સંદર્ભ-૩ના કાર્યાલય આદેશથી વર્ષ ૨૦૨૧-૨૨ માટે ક્લાસીફાઈડ વર્ક્સની ગ્રાન્ટ અત્રેની કચેરી દ્વારા ફાળવવામાં આવેલ છે. સદરહું ફાળવેલ ગ્રાન્ટ સામે ૩૦ નવેમ્બર, ૨૦૨૧ સુધી ઓછો ખર્ચ થયેલ છે. જેથી, ક્લાસીફાઈડ વર્ક્સની કામગીરી સત્વરે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

જા.નં.: આકૃયુ/ડીઆર/પ્લાન-૨(૩૪૬)/ ૧૦૨૫૯ /૨૧,
તા. ૧૩ /૧૨/૨૦૨૧

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

**નકલ સવિનય રવાના:**

(૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.

(૨) આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

(૩) હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.

(૪) પ્લાન યોજનાઓના સર્વે નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી, આકૃયુ, આણંદ તરફ જાણ તથા પ્લાન યોજનાઓમાં મંજૂર થયેલ બાંધકામો હેઠળ હિસાબ નિયામકશ્રીની કચેરીના કાર્યાલય આદેશ જા.નં. આકૃયુ/હિનિ/પ્લાન યોજના/બાંધકામ ગ્રાન્ટ ફાળવણી/૪૦૧/૨૦૨૧-૨૨, તા. ૦૭/૦૫/૨૦૨૧ ફાળવેલ ગ્રાન્ટનો સમયસર ખર્ચ થાય તે અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.